પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦કંટ્રોલરૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક: જી/સીપી/ફટાકડા જાહેરનામુ/૪૫૮૯/૨૦૨૦ તા. ૭ /૧૧/૨૦૨૦

**:-જાહેરનામુ :-**

**ફોજદારી કાર્યનિતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ.૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ.૩૩(૧)(બી)(યુ) અન્વયે કાઢેલ હુકમ.**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં દિવાળીના તહેવાર તથા અન્ય તહેવાર નીમીતે જાહેર જનતાને ભયજનક/હાનીકારક પર્યાવરણ તથા ધ્વનિ પ્રદુષણની વિપરીત અસરથી બચાવવા માટે ફટાકડા ઉત્પાદન/વેચાણ તથા ફટાકડા ફોડવા માટે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પિટીશન નં. ૭૨૮/૨૦૧૫ ના કામે તા.૨૩/૧૦/૨૦૧૮ ના રોજ તથા તા.૩૦/૧૦/૨૦૧૮ ના રોજ ચોકકસ દિશા નિર્દેશો કરેલ છે. તેના અમલીકરણ માટે તથા દિવાળી તથા અન્ય તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માત તથા જાનહાની ના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતિ અને તેઓને અગવડ ન પડે તે માટે વડોદરા શહેર વિસ્તારમાં ફટાકડાના ખરીદ, વેચાણ તથા વપરાશ ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

**:- હુકમ :-**

આથી, હું **આર.બી.બ્રહ્મભટ્ટ, આઇ.પી.એસ**, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને., ૧૯૭૩ (૧૯૭૪) ના નં.૨) ની કલમ ૧૪૪ તથા **ગુજરાત પોલીસ અધિનયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી),(યુ)** મળેલ સતાની રૂએ વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હદ વિસ્તારમા નીચે મુજબના કૃત્યોનુ ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવુ છુ.

:- પ્રતિબંધિત કૃત્યો :-

- હાલમાં ચાલી રહેલ કોવીડ-૧૯ અનુસંધાને ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવમાં આવેલ આદેશો તથા અત્રેથી બહાર પાડેલ જાહેરનામાંઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) વડોદરા શહેર કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં દિવાળી તહેવારો દરમ્યાન રાત્રીના કલાક:૨૦/૦૦ થી કલાક:૨૨/૦૦ સુધી ફટાકડા ફોડી શકાશે

(૨) હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વની સ્તર (Decibel Level) વાળા જ ફટાકડા વેચી / વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/ માન્ય ફટાકડાના દરેક બોક્ષ ઉપર "PESO" ની સુચના પ્રમાણેંનુ માર્કીંગ હોવુ જરૂરી છે.

(૩) કોઇપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહિ, રાખી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિ.

(૪) ઇ-કોમર્સ વેબસાઇટ ફ્લીપકાર્ડ એમેઝોન સહિતની કોઇપણ ઇ-કોમર્સ વેબસાઇટ ફટાકડા વેચાણ માટે ઓનલાઇન ઓર્ડર લઇ શકાશે નહિ. ઓનલાઇન વેચાણ કરી શકાશે નહી.

(૫) લોકોને અગવડ ઉભી ન થાય કોઇપણ ભયજનક પરિસ્થિતીઓનુ નિર્માણ ન થાય તે માટે વડોદરા શહેરના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપો, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ , એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઇમથકની નજીક ફટાકડા દારૂખાનુ ફોડી શકાશે નહી.